સિતાંશુ યશશ્ચન્દ્ર

# પુરોવચન

## વિશ્વવંદિત વિદ્યાપુરુષ, પણ આપણા સ્નેહભર્યા સ્વજનઃ લૉર્ડ ભીખુ પારેખ, પદ્મભૂષણ

૧. દાયકાઓ પહેલાં મુંબઈમાં ચર્ચગેટ પાસે ત્યારના ક્વીન્સ રોડ પર આવેલા અમેરિકન સેન્ટરમાં કવિ રૉબર્ટ ફ્રોસ્ટ વિશે એક કાર્યક્રમ થયો હતો. વક્તાઓમાં ભારતીય ભાષાઓના ચારેક કવિઓ અને અમેરિકાથી આવેલા બે અધ્યાપકો હતા. અધ્યક્ષસ્થાને હતા કવિ નિરંજન ભગત. અમેરિકન આયોજકે રૉબર્ટ ફ્રોસ્ટ વિશેના પ્રારંભિક વક્તવ્યમાં ફ્રોસ્ટનો પરિચય અમેરિકાના એક ઉત્કૃષ્ટ કવિ તરીકે, જેમની કવિતા (ત્યારના) અમેરિકન પ્રમુખ જ્હોન એફ. કૅનેડીને ખૂબ ગમતી હતી એવા કવિ તરીકે આપીને સભાનો દોર એના અધ્યક્ષ નિરંજનભાઈને સોંપ્યો. ભગતસાહેબે આરંભે જ ટકોર કરીઃ ‘ડૉન્ટ ક્લેઇમ ફ્રોસ્ટ ટૂ મચ ફૉર અમેરિકા. લેટ ધ રેસ્ટ ઑફ હ્યુમેનિટી ટૂ હૅવ ઇટ્સ ક્લેઇમ ઑન ધિસ પોએટ!’ (‘એ કવિ ઉપર અમેરિકાનો એકલાનો હક ન જમાવતા. બાકીની માનવજાતને પણ આ કવિને પોતાનો ગણવા દેજો.’) આટલા દશકો પછી પણ મનીષી કવિ નિરંજન ભગતના અવાજનો એ ત્રાંબાનો રણકો અને એમની એ વિદ્યુતવતી નેત્રમુદ્રા સાંભળી અને જોઈ શકાય છે. એ શબ્દો આજના આ જુદા સંદર્ભે સમજાય છે. ત્યારનો સંદર્ભ હતો કવિ રૉબર્ટ ફ્રોસ્ટ, આજનો સંદર્ભ છે ફિલસૂફ ભીખુ પારેખ.

લૉર્ડ ભીખુ પારેખ પર ઇંગ્લૅન્ડનાં રાજકીય-સામાજિક પરિબળોનો, પદ્મભૂષણ પ્રો. બી. સી. પારેખ પર ભારતીય રાજ્યનો, પૉલિટિકલ ફિલોસૉફર પ્રો. પારેખ પર જાગતિક વિચારક-વૃંદનો અને વત્સલ કુલપતિ, સમુદાર સહચિંતક ભીખુ પારેખ પર વડોદરાનો અને

ભારતના વિદ્યાવિશ્વનો, એ રીતે દરેકનો સ્નેહમૂલક અધિકાર તો ખરો. પણ એમાંનું એકેય એ વિદ્યાપુરુષ પર એકાધિકાર ન કરે, એની ચોંપ એ દરેક સત્તાઘટકે રાખવી પડે, કેમ કે ભીખુ પારેખ એવો કોઈ એકાધિકાર ન કરે ન કરવા દે, એવા નાગરિક, વિચારક અને વ્યક્તિ છે.

■

એમની ખરી ઓળખ મેળવવા માટેની પહેલી અને પાયાની વાત સહેલી અને સદાની છેઃ પોતાની ઉપર કે કોઈ કોઈ પણ પરાયા ઉપર કોઈ પણ સત્તાખોર વડે અજમાવાતા એકાધિકાર કે સર્વાધિકારનો સૌમ્ય, દૃઢ અને અચૂક પ્રતિકાર કરનાર નિરીક્ષાશીલ વિચારક, ક્રિટિકલ થિન્કર એટલે ભીખુ પારેખ.

એ ઓળખનો ઉત્તરાર્ધ એ છે કે એ સળંગ પ્રતિકાર વૃત્તિ પાછળ એક સુગ્રથિત તત્ત્વવિચાર કરનારી મેધાવી પ્રતિભા પડેલી છે. જેરેમી બેન્થમ (Jeremy Bentham, ૧૭૪૮-૧૮૩૨થી કાર્લ માર્ક્સ, હના આરેન્ટ, ફ્રાંઝ ફેનન (Frantz Fanon, 1925- 1961) સુધી અને ગાંધી, ટાગોર, નેહરુ અને આંબેડકર સુધીના દાર્શનિકોના વિચારોની સમગ્રતાને પારખી અને વિગતોમાં ઊતરી ભીખુ પારેખે પોતાનું એક સળંગ અને સુગ્રથિત સેમિઓટિક્સ કહેતાં સંકેતનવિજ્ઞાન રચ્યું છે. એ મહાલય ભવ્ય છે પણ ભીખુ પારેખે ખંતીલું કડિયાકામ કરી એને ઈંટે ઈંટે બનાવ્યું છે અને એક પ્રતિભાવંત સ્થપતિનું સ્થાપત્યકૃત્ય કરી એને એક વિશાળ ભવ્ય આકાર આપ્યો છે.

માનવસ્વાતંત્ર્ય, સહચાર અને ગૌરવને પક્ષે રહી હંમેશાં જાળવેલી અણનમ પણ કુશળ પ્રતિકારવૃત્તિ, એ પહેલું પાસું; એ સ્વાતંત્ર્ય, સહચાર અને ગૌરવ અંગે પાશ્ચાત્ય અને ભારતીય ચિંતકોએ કરેલા વિચારમંથનનો ઊંડો અને અર્થઘટનશીલ અભ્યાસ, એ બીજું પાસું; અને એ સર્વની એક ભવ્ય, દૃઢબંધ, આકર્ષક અને ઉપયોગી એવાં વાણી-વિચાર-સંયુક્ત કોઈ મહાલયસમી (દશકો લાંબા લેખનની) અભિવ્યક્તિ, એ ત્રીજું પાસું, આ અનોખા ચિંતક-લેખક-સ્નેહીજનની પ્રતિભાનું.

સૂર્યકિરણમાં છુપાયેલા સાત રંગોને મેઘધનુષ્યમાં પ્રગટ કરી શકે અને મેઘધનુષ્યના રંગ-વિસ્તારને એક સઘન સમુજ્જ્વલ તેજોરેખામાં સમેટી શકે એવો, કુશળ કારીગરે પાસા પાડેલો કોઈ ત્રિપાર્શ્વ હીરક આપણને મળ્યો છે. તો, ચાલો આપણે એને જાણીએ, નાણીએ અને માણીએ!

■

પ્રો. ભીખુ પારેખની રાજવિદ્યામીમાંસા જેટલી જાગતિક વ્યાપ ધરાવે છે તેટલી જ સ્થાનિક સંદર્ભે પણ પ્રસ્તુત છે. એમની નજર ક્યાં ક્યાં ઠરી છે એ જુઓઃ કાર્લ માર્ક્સ વિશે તેમ જ ગાંધી વિશે, મલ્ટિકલ્ચરાલિટી વિશે તેમ જ આજના ભારતની આપઓળખ વિશે, હના આરેન્ટ અને આઝેયા બર્લિન વિશે તેમ જ ટાગોર અને આંબેડકર વિશે, એમ

'બાહિરે' અને 'ઘરે', બંને સ્થળે ભીખુની મર્મગામી દૃષ્ટિ સંસ્કૃતિઓનાં મર્મસ્થાનો સુધી પહોંચે છે અને એમની સુગ્રથિત શૈલી એ સ્થાનોના તસુએ તસુ આલેખતાં તલાવલેખનો, ટોપોગ્રાફિક મૅપ્સ, આપણી સામે મૂકે છે. એ બે દેશોના દેશિક છે એટલે બે ભાષાઓના ભાષક છે. એમની વિરલ શક્તિ એ છે કે એમાંની એક, અંગ્રેજી, ઉપર એમનું ઘણા અંગ્રેજોનું ન હોય એવું સહજ અને સૌષ્ઠવભર્યું પ્રભુત્વ છે. પણ, હા, એમની (પૂરી ન સમજાય એવી) મર્યાદા એ છે કે પોતાની માતૃભાષાને, એક વિદ્યાભાષા લેખે, પોતાને માટે કેળવવાનું કામ એ નથી કરી શક્યા. ગાંધી કરી શક્યા હતા. એવું ગાંધી-કૃત્ય ભીખુ પારેખે ન કર્યું! ખેર. એમનાં પુસ્તકો વાંચીએ, એમનાં વ્યાખ્યાનો સાંભળીએ ત્યારે અંગ્રેજી ભાષાનું, બલકે મનનની એક માતૃભાષાનું અનોખું સૌંદર્ય, બલકે રોમહર્ષણ સંગીત જોઈ-સાંભળી શકાય છે.

ભીખુભાઈનાં પુસ્તકો લઈ કોઈ ગ્રંથાલયમાં બેઠા હોઈએ ત્યારે મનનનાં વિશાળ વૃક્ષોની નિકુંજમાં હોઈએ એવો ભાવ થાય છે. એ વૃક્ષોની ઘટા વિશાળ અને ઊંચી છે; એ વૃક્ષની મૂળજાળ વિસ્તીર્ણ અને ઊંડી છે. આ નાનકડો લેખ તો એ વૃક્ષોની શીતલ છાયામાં જઈ બે ઘડી પૉરો ખાનારા આ એક મુસાફરે દોરેલું એક રેખાચિત્ર માત્ર છે.

૨. ભીખુ પારેખનું વાઙ્મય વ્યક્તિત્વ જેવું વૈશ્વિક તેવું સ્થાનિક છે, એમ કહેવાનું કારણ એ કે એમનાં વિચાર, વાણી, લેખન અને વર્તનના અજવાળામાં જેમ આજનું વ્યાપક રાજકીય વિચારોનું જગત વધારે સ્પષ્ટ દેખાય છે તેમ આજનું આપણું નજીકનું સ્થાનિક જગત પણ વધારે સમજી શકાય છે.

જે સાચેસાચ અનેક સ્થાનોનો સ્થાનિક ન થઈ શકે એની વૈશ્વિકતા કેવળ વાયવ્ય બને છે, એક છેતરામણ બને છે, પોતાને માટે અને બીજા માટે. સંસ્કૃતિમીમાંસક ભીખુ પારેખ આ વાતને સાંગોપાંગ સમજે છે. એ કહે છે:

'It is not enough to respect other cultures and societies from a distance, from the outside as it were. We need to enter into their world, see them through the eyes of their members, and get a firm sense of what it is like to be in their situation.' (Talking Politics, 2011.)

*(અન્ય સંસ્કૃતિઓને અને સમાજોને આઘા અતડા રહીને, જાણે કે એમની બહારથી, માન આપવું, એ પૂરતું નથી. જરૂરી તો એ છે એ આપણે એમની દુનિયામાં દાખલ થઈએ, એ લોકોની આંખે એને જોઈએ, અને એ પરિસ્થિતિમાં હોવું એટલે શું, એની એક પાકી સમજણ કેળવીએ.)*

■

આ રીતે આમ આદમીની દુનિયામાં દાખલ થયા વગર એના ઉપર શાસન કરનારી વિવિધ સત્તાઓએ ને વ્યવસ્થાઓએ એને બહુધા આમલી-પીપળી જ બતાવ્યા કરી છે. એવા આજના અદના આદમીને, જગતના કોઈ પણ દેશમાં, એની પરિસ્થિતિ વિશે પૂછો તો એ કહેવાનો કે એની વાત કાને ધરવા કોઈ તૈયાર નથી. 'કેમ ભાઈ?' તો એ

કહેશે કે આપણા ટાઇમની એ જ મોટી તકલીફ છે. એ 'આપણા ટાઇમ'ને એ અદનો આદમી અનુભવે તો છે પણ સમજી શકતો.

આપણા સમયમાં ઇતરજનોનું ઉઘાડછોગું શોષણ કરનારી સત્તઓનીયે કોઈ કમી નથી; પણ જે વિચારણાઓ અને આચારસંહિતાઓ 'ઉદારમતવાદી' કે 'લિબરલ' ગણાય એનીયે મર્યાદાને પ્રો. ભીખુ પારખી શકે છે. એ કહે છે;

Liberal universality is abstract, impersonal and lacks an emotional appreciation of the other in his or her concreteness or what you call a sense of human solidarity. (Parekh. 2011.)

*(ઉદારમતવાદી વૈશ્વિકતા અમૂર્ત, બિનંગત હોય છે [જે એની એક મર્યાદા છે]. ઇતરજનની પોતાની જે સઘન મૂર્તતા હોય એની, જેને કોઈ માનવીય સંઘભાવનાની સાર્થકતા કહે એની લાગણીભરી સમજણમાં કમી [એ ઉદારમતવાદી દર્શનની મર્યાદા છે].*

ઇમોશનલ ઍપ્રિસિએશન એ શબ્દો જેમના ગદ્યમાં જવલ્લે જોવા મળે એવા ભીખુભાઈ કવિતાની, બલકે કલામાત્રની આટલું નજીક અહીં પ્રકટપણે આવ્યા છે, એ ખુશીની વાત છે!

■

લૉર્ડ પારેખ જેમ ફિલસૂફોના માનીતા ફિલસૂફ છે એમ ભીખુ આમ આદમી માટેય વાતનો વિસામો છે, દિલની કે દિમાગની બે વાત કરવાની એક સારી જગ્યા છે. વર્ષોથી દર વરસે ભારતમાં, વડોદરામાં આવી, મુલાકાત માટે નહીં મહિનાઓના વસવાટ માટે આવી, અદના અને 'અનદના' સૌ લોકો સાથે મળતા અને ભળતા ભીખુ 'આપણી સાથે વાત કરવા તૈયાર માણસ' છે. પોતાના વર્તન દ્વારા ભીખુભાઈ સતત એ સૂચવે છે કે દિલ્લી, વડોદરા અને દક્ષિણ ગુજરાતમાં દર વરસે થોડા મહિના ગાળવા, ત્યાંના લોકો, સ્વજનો સાથે, એ એમની એક નિજી જરૂરિયાત છે અને એમના લેખનનો એ એક અનિવાર્ય અંશ છે.

દર વરસે પોતાની જન્મભૂમિમાં આવવું, સ્વજનો વચ્ચે રહેવું, એ તો ખરું. પણ એ હૂંફાળી જગ્યાએ એ અટકી નથી જતા. આજના અટપટા જગત સાથે વાત કરવા માટે આપણને તૈયાર કરવા સતત મથે છે. વ્યક્તિ રૂપે અને પુસ્તકો રૂપે, ભીખુભાઈ વાસ્તવથી થાકેલાઓ માટેનો વાતનો વિસામો નથી ફક્ત. વાસ્તવ સાથે પાનું પાડવા તૈયાર થવા ઇચ્છનારા માટે એઓ એક પાઠશાળાસમા, કહો કાર્યશાળાસમા છે.

સન ૧૯૮૨માં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડાના કુલપતિ તરીકે પ્રો. ભીખુ પારેખ ત્રણ વર્ષ માટે વડોદરા આવ્યા ત્યારે ત્યાંના કુલપતિનિવાસ, 'ધન્વંતરી'માં એક અપૂર્વ અને અનુત્તર ઘટના બનીઃ કુલપતિનિવાસના બેઠકખંડમાં નિયમિત રીતે દર પખવાડિયે સાંજે સાડા આઠેકથી રાતે બેએક વાગ્યા સુધી ત્યાં 'બરોડા સ્ટડી ગ્રુપ'

મળતું, કુલપતિ એક સોફા પર પલાંઠી મારીને બેઠા હોય, યુવાન, પ્રભાવશાળી પણ એગાલિટેરિયન! પ્રો. વિનુભાઈ કોઠારી, ઇકૉનૉમિક્સના પ્રોફેસર, પ્રો. બિરજે પાટીલ, અંગ્રેજીના, પ્રો. ગુલામ મહમ્મદ શેખ, ફાઈન આર્ટ્સના વિખ્તાત ચિત્રકાર, પ્રો. પ્રવીણ પટેલ, સમાજવિદ્યાના નિષ્ણાત (પછી સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ), પ્રો. કે. સી. મહેતા, ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ (અને અમારા પ્રો વાઇસ ચાન્સેલર), ડૉ, જયશ્રી મહેતા, મેડિકલ ફેકલ્ટીનાં ડીન (પછી ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલનાં પ્રમુખ અને સુમનદીપ યુનિવર્સિટીનાં કુલપતિ), ટેક્નોલૉજી ફેકલ્ટીના ડીન, બંગાળી સાહિત્યના પ્રેમી પ્રો. ડે (બાદમાં મ. સ. યુનિ.ના ઉપકુલપતિ) વગેરે અનેક વિદ્યાઓના અભ્યાસુ એવા અમે ભેગા મળીએ અને માનવવિદ્યાની ક્ષિતિજો પરના વિષયો પર સુગ્રથિત ચર્ચાઓ કરીએ. ક્યારેક કવિ-મનીષી ઉમાશંકર જોશી આવે અને પરમ બૌદ્ધિક પ્રો. રાવજી ‘મોટા’ સાથે ભગવદ્‌ગીતા વિશે તીખી ચર્ચા કરે! મલ્ટિડિસિપ્લિન જ નહીં, મલ્ટિકલ્ચરલિટીનો માહોલ જામતો, રાતના બે-અઢી વાગ્યા સુધી. આ હતું અમારું વડોદરાનું ‘બ્લૂમ્સબરી સર્કલ’! એવા કુલપતિ અનન્ય. અને એ ‘બરોડા સ્ટડી ગ્રુપ’ આજે આટલા દશકાઓ પછી ભલે આજના ‘ધન્વંતરી’માં મળતું નથી (એયે સારું છે), પણ ભારતદેશમાં ઠેરઠેર, ગુજરાતમાં પણ અનેક સ્થળે, દર વરસે ભીખુની નજીક બેસીને, ‘ભીખુપનિષદ’ રૂપે, મળે છે.

■